**GUJARAT BILL NO. 10 OF 2026.**

# GUJARAT AGRICULTURAL UNIVERSITIES (AMENDMENT) BILL, 2026.

***A BILL***

*further to amend the Gujarat Agricultural Universities Act, 2004.*

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૦ .**

## ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક, ૨૦૨૬.

### ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૪નો ગુજરાતનો ૫-મો. ૨. ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪-માં, અનુસૂચિ ૧-માં,- સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા અધિનિયમની અનુસૂચિ ૧-નો સુધારો.

(૧) ભાગ ૧-માં, અનુક્રમાંક ૯ પરની નોંધ કમી કરવી;

(૨) ભાગ ૨-માં, અનુક્રમાંક ૧૦ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

| | |
|---|---|
| “૧૧ | બોટાદ જિલ્લો”. |

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોનું શિક્ષણ આપવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, નવસારી કૃષિ યુનિવર્સિટી અને સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી એ નામની અધ્યાપન અને જોડાણ કરનારી યુનિવર્સિટીઓ સ્થાપવા અને તેનું સંસ્થાપન કરવા માટે, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ અધિનિયમિત કર્યો છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં એકસરખી ભૌગોલિક સ્થિતિ અને ખેતીની પદ્ધતિ હોવાને કારણે, બોટાદ જિલ્લાના યુનિવર્સિટી વિસ્તારને, આણંદ કૃષિ યુનિવર્સિટીની હકૂમતમાંથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં તબદીલ કરવો જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**જીતુભાઇ વાઘાણી,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ:** ૫મી માર્ચ, ૨૦૨૬. **જીતુભાઇ વાઘાણી.**

# પુરવણી

## ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪
## (સન ૨૦૦૪ના ગુજરાતના ૫-મા)માંથી ઉતારા.

---

## અનુસૂચિ ૧
(જુઓ કલમ ૨ નો ખંડ (૨૦))

| ભાગ ૧ | |
|---|---|
| **આણંદ કૃષિ યુનિવર્સિટી** | |
| ૧ | આણંદ જિલ્લો |
| ૨ | અમદાવાદ જિલ્લો |
| ૩ | વડોદરા જિલ્લો |
| ૪ | દાહોદ જિલ્લો |
| ૫ | પંચમહાલ જિલ્લો |
| ૬ | ખેડા જિલ્લો |
| ૭ | મહીસાગર જિલ્લો |
| ૮ | છોટાઉદેપુર જિલ્લો |
| ૯ | બોટાદ જિલ્લો |

| ભાગ ૨ | |
|---|---|
| **જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી** | |
| ૧ | અમરેલી જિલ્લો |
| ૨ | ભાવનગર જિલ્લો |
| ૩ | જામનગર જિલ્લો |
| ૪ | જૂનાગઢ જિલ્લો |
| ૫ | પોરબંદર જિલ્લો |
| ૬ | રાજકોટ જિલ્લો |
| ૭ | સુરેન્દ્રનગર જિલ્લો |
| ૮ | મોરબી જિલ્લો |
| ૯ | ગીર સોમનાથ જિલ્લો |
| ૧૦ | દેવભૂમિ દ્વારકા જિલ્લો |

| ભાગ ૩ | | |
|---|---|---|
| નવસારી કૃષિ યુનિવર્સિટી | | |
| XXX | XXX | XXX |

| ભાગ ૪ | | |
|---|---|---|
| સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી | | |
| XXX | XXX | XXX |

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૦. ]

ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી જીતુભાઇ વાઘાણી,
કૃષિ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૬ઠ્ઠી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડ્યા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.